II चैतन्य II
CHAITANYA
ISSN : 2582 2802
A Refereed and Peer - Reviewed International e-Journal of Humanities and Social Sciences
by School of Humanities and Social Sciences
Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

# મીઠા સત્યાગ્રહમાં મહિલાઓનો ફાળો

ડૉ.સોનલ ચૌધરી
પીએચ.ડી.ગાઈડ &
આસિસ્ટન્ટ પ્રોફેસર (ઈતિહાસ)
સ્કૂલ ઑફ હ્યુમાનીટીસ એન્ડ સોસીયલ સાયન્સ
અમદાવાદ

વીરજીભાઇ ભેમજીભાઈ કાથરોટિયા
પીએચ.ડી.શોધાર્થી
સ્કૂલ ઑફ હ્યુમાનીટીસ એન્ડ સોસીયલ સાયન્સ,
ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી
અમદાવાદ

**સારાંશ**-

ગાંધીજીએ અંગ્રેજ સરકારે લાદેલો મીઠા પરના કરવેરાનો અન્યાયી કાયદો તોડવા માટે દાંડીકૂચ શરૂ કરી. દાંડીકૂચ ૭૮ સત્યાગ્રહીઓ સાથે હરિજન આશ્રમ અમદાવાદથી શરૂ કરી જેમાં રસ્તામાં બીજા બે સત્યાગ્રહીઓ ઉમેરાયેલા છઠ્ઠી એપ્રિલ, ૧૯૩૦ના રોજ તે પૂરી કરી હતી.અમદાવાદથી દાંડી સુધીની કુલ ૨૪૧ માઈલની આ પગપાળા કૂચ ૨૫ દિવસમાં પૂરી કરવામાં આવી હતી.. અમદાવાદ, ખેડા, ભરૂચ ને સુરત — એ ચાર જિલ્લાઓ આ કૂચમાં આવરી લેવાયા. આ કૂચની સાથે ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમોનો પણ પ્રચાર કર્યો. મહિલા સ્વયંસેવિકા મોટા પ્રમાણમાં જોડાઈ હતી.દારૂ અને પરદેશી સામાન વેચતી દુકાનો પર પેકેટિંગ કરવાની વિશિષ્ટ જવાબદારી કેવળ સ્ત્રીઓની હતી સ્વયંસેવિકા જાતે ચરખાથી કાપડ બનાવી, લોકોને સ્વદેશી વસ્તુ વાપરવા સમજાવતી, સત્યાગ્રહમાં વધુ મહિલાઓ જોડાઈ જેના કારણે સત્યાગ્રહને સફળ બનાવવા મોટું યોગદાન રહ્યું હતું.

**પ્રસ્તાવના:**

ભારતવર્ષના સ્વાતંત્ર સંગ્રામની(Independence Fight Of India) ગૌરવપૂર્ણ ગાથામાં ૧૨મી માર્ચ,૧૯૩૦ નો દિવસ એક ઐતિહાસિક ઘટનાની તવારીખ બની રહ્યો છે. આ દિવસે મહાત્મા ગાંધીજીએ દાંડીકૂચનો(Dandi Yatra Of Gandhiji) પ્રારંભ કર્યો હતો. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામના ઇતિહાસમાં દાંડીકૂચનું આગવું અને યશસ્વી સ્થાન છે. મહાદેવભાઈ દેસાઇ દાંડીકૂચને 'મહાભિનિષ્ક્રમણ' તરીકે ઓળખાવે છે તો મહાત્મા ગાંધીજીએ તેને 'પવિત્ર યાત્રા' તરીકે ઓળખાવી હતી. વિશ્વભરમાં જે સ્વાતંત્ર્ય સંગ્રામો ખેલાયા હતા તે મોટે ભાગે હિંસક હતા. પરંતુ સ્વાતંત્ર

સેનાની જાતે દુ:ખ ભોગવે,લાઠી ખાય,જેલ ભોગવે,ગોળી ખાય, પોતાની મિલકતો ફના કરે એ રીતનો મહાત્મા ગાંધીજીની રાહબરી હેઠળ થયેલ મુક્તિ સંગ્રામ આખી દુનિયા વિસ્મયતા અને કુતુહલતાથી નિહાળી રહી હતી. ૨ માર્ચ ૧૯૩૦ના રોજ ગાંધીજીએ વાઇસરોય ઇરવીન સમક્ષ એક પ્રસ્તાવ રજૂ કર્યો જે અંતર્ગત જો વાઇસરોય જમીન મહેસૂલ આકારણીમાં રાહત, સૈન્ય ખર્ચમાં ઘટાડો, વિદેશી કપડાં પર કરવધારો અને મીઠાનો કર સમાપ્ત કરવા સહિતની અગિયાર માંગણીઓ સ્વીકારવા તૈયાર હોય તો કૂચ રોકવાનો પ્રસ્તાવ મોકલ્યો.વાઇસરોયે ગાંધીજીને મળવાનો ઇન્કાર કરી આ પ્રસ્તાવને ફગાવી દેતાં કૂચની તૈયારીઓએ ગતિ પકડી.સત્ય અને અહિંસાના માર્ગે દેશના વધુ ને વધુ લોકો જોડાઈ શકે તે માટે ગાંધીજીએ મીઠા સત્યાગ્રહ પસંદ કર્યો હતો.

**મીઠાની સત્યાગ્રહના સાધન તરીકે પસંદગી**:-

દાંડીકૂચને અહિંસક સત્યાગ્રહનો પ્રયોગ તરીકે ઓળખવામાં આવે છે. બ્રિટીશ સરકાર દ્વારા મીઠા પર લગાવવામાં આવેલ કરને નાબૂદ કરવા માટે ગાંધીજીએ અહિંસક રીતે દાંડીકૂચ ૧૨મી માર્ચ,૧૯૩૦ના રોજ કરી હતી. ઇ.સ. ૧૯૨૯માં લાહોર મુકામે મળેલ કોંગ્રેસના અધિવેશનમાં પૂર્ણ સ્વરાજનો ઠરાવ પસાર કરવામાં આવ્યો અને તે માટેની લડતની જવાબદારી ગાંધીજીને સોપવામાં આવી. આ ઉપરાંત સત્ય અને અહિંસામાં પૂર્ણ શ્રદ્ધા ધરાવનાર ગાંધીજીના સાથીદારોને સરકાર સામે સવિનય કાનૂનભંગ આંદોલન શરૂ કરવાનું કહેવામાં આવ્યું. મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહના સાધન તરીકે મીઠાની પસંદગી કરી. ૧૨ માર્ચ,૧૯૩૦ ની દિવસે સાબરમતી આશ્રમથી કુચ કરી દાંડી ખાતે પહોચીને મીઠાના કાયદાનો ભંગ કરશે એમ જાહેર કરવામાં આવ્યું. મહાત્મા ગાંધીજીએ સત્યાગ્રહના સાધન તરીકે નમક એટલા માટે પસંદ કર્યું કે, મીઠું દરેક માણસની રોજિંદા વપરાશની આવશ્યક વસ્તુ હતી.

બ્રિટીશ સરકારની નીતિને કારણે મીઠું મોંઘું બન્યું હતું. અઢી આના(પંદર નવા પૈસા) મણ મળી શકે તેવું મીઠું બધાએ એક રૂપિયામાં લેવું પડતું હતું. ભારતમાં મીઠું પકવવાનો કાયદેસર રીતે કોઈને અધિકાર ન હતો. ગરીબમાં ગરીબ હિંદીના જીવનને આ પ્રશ્ન સ્પર્શતો હતો તેથી હિંદુસ્તાનની આમ જનતાએ લડતનું સંપૂર્ણ હ્રદયથી સ્વાગત કર્યું અને એમાં જંપલાવ્યું.

**ઘટનાક્રમ**:-

૧૨મી માર્ચ,૧૯૩૦ના દિવસે ગાંધીજીએ એમાંની ઐતિહાસિક દાંડીયાત્રા શરૂ કરી એમાં ૭૯ સત્યાગ્રહીઓમાં વિદ્વાનો,પત્રકારો,વણકરો,અસ્પૃશ્યો સામેલ હતા. પરંતુ સ્ત્રીઓ નહોતી. જ્યારે સાબરમતી આશ્રમની સ્ત્રીઓએ સૂચવ્યું કે એમણે ચાર-પાંચ બહેનોને સાથે લઈ જવી જ જોઈએ.

ગાંધીજીએ ઇનકાર કરતાં કહ્યું કે, યુધ્યમાં જતી વખતે જો હિંદુઓ ગાયોને આગલી હરોળમાં રાખે તો જેમ કાયરતા લખાય, એમ પદયાત્રામાં સ્ત્રીઓને સામેલ કરવામાં કાયરતા ગણાશે. ગાંધીજીએ સ્ત્રીઓ માટે વિશિષ્ટ કામ સૂચવ્યું અને કહ્યું કે એ કામ અસહકાર આંદોલન કરતાં વધુ સક્રિયતાથી થઈ શકશે : ''દારૂ અને પરદેશી સામાન વેચતી દુકાનો પર પેકેટિંગ કરવાની વિશિષ્ટ જવાબદારી કેવળ સ્ત્રીઓની રહેશે. આજે ચરખા સંઘમાં એક લાખથી વધુ સ્ત્રીઓને આવરી લેવાઈ છે, જ્યારે પુરુષોની સંખ્યા દસ હજારથી ઓછી છે. ભારતની સ્ત્રીઓને આ પ્રવૃતિમાં સક્રિય થવા દો, એમાં નિષ્ણાત થવા દો અને રાષ્ટ્રીય સ્વતંત્રતામાં તેઓ પુરુષો કરતાં વધુ ફાળો આપશે. અત્યાર સુધી જે સત્તા અને આત્મવિશ્વાસથી અજાણ રહ્યા છે તે મેળવશે''. પરંતુ સ્ત્રીઓએ આ રીતે બંધનમાં રહેવાનું માન્ય ન રાખ્યું. આંદોલનમાં સ્ત્રીઓને આ પ્રકારનો લિંગભેદ અકુદરતી લાગ્યો અને આધુનિક ભારતીય સ્ત્રી જાતિની જાગ્રત સભાનતાનો વિરોધી લાગ્યો. એમને લાગ્યું કે કોઈ પણ પદયાત્રા, કોઈ પણ સભા-સરઘસો એમાં વિના ન થવા જોઈએ. ખુરશદબહેન નવરોજી,દાદાભાઈ નવરોજીનાં પૌત્રીએ ગાંધીજીને ક્રોધભર્યો પત્ર લખ્યો. દુર્ગાબાઇ પણ દાંડીકૂચમાંથી સ્ત્રીઓને બાકાત રાખવાના વિચારના વિરોધી હતાં. કમલાદેવી ઉત્સાહિત થઈ ગયા ગાંધીજી પાસેથી પરવાનગી મળ્યા પછી બધા કાર્યક્રમોમાં એમણે સ્વયંસેવકોની વ્યવસ્થા કરી મુંબઈ એમનું કેન્દ્ર હતું. કમલાદેવી અને અવંતિકાબાઈ ગોખલે મીઠાના કાયદાનો ભંગ કરનાર પ્રથમ મહિલાઓમાં સામેલ હતા.

મુંબઈમાં ઉત્સાહના જુવાળનાં દ્રશ્યો દેખાતા હતાં. મીઠાના કાયદાનો વિધિગત ભંગ કરનાર પ્રથમ પંક્તિના જૂથમાં સાત વ્યક્તિઓએ પાંચ પુરુષો અને બે સ્ત્રીઓએ રહેવાનુ હતું. ૧૫૦૦ થી વધુ સત્યાગ્રહીઓ- જેમાં મોટી સંખ્યામાં સ્ત્રીઓ પણ હતી. અગાશી અને છાપરાં પરથી લોકોએ ગુલાબની પાંદડીઓની એટલી વર્ષા કરવામાં આવી કે રસ્તા પર ફૂલોની ચાદર પથરાઈ ગઈ. મુખ્ય સરઘસ ઉપરાંત શહેરમાં ઠેર ઠેર રાષ્ટ્રીય ધ્વજ ફરકાવતાં અને દેશભક્તિનાં ગીતો ગાતાં નાનાંનાનાં સરઘસો દેખાતાં હતાં. 'નમક ક કાયદા તોડા હૈ' નાં સૂત્રો 'ઇન્કિલાબ જિંદાબાદ' અને 'મહાત્મા ગાંધી કી જય' નાં નારાઓના પડઘા હવામાં ગુંજતા હતા. ઓટનો સમય હોવાથી મીઠાનું પાણી લેવા અડધા માઈલ સુધી કાદવકીચડમાં ચાલ્યાં. જ્યાં મીઠાનાં પાત્રો તૈયાર થતાં હતા એ મુંબઈ કોંગ્રેસ હાઉસ પર જ્યારે પોલીસે દરોડો પડ્યો ત્યારે ત્યાં શ્રીમતી પેરીન કેપ્ટન શ્રીમતી જમાનબાઈ, રતનબહેન અને કમલાદેવી સહિત અન્ય સ્ત્રી સ્વયંસેવકોએ એમનો રસ્તો રોક્યો.

કમલાદેવી,લીલાવતી મુનશી અને લેડી પુરુષોતમદાસ ઠાકુરદાસ બોમ્બે હાઇકોર્ટમાં ગયા અને બાર લાઈબ્રેરી રૂમમાં જઇ પ્રતિબંધિત મીઠાનાં પડીકા વેચવાનું શરૂ કરી ખાસ્સો ખરભરાટ

ફેલાવી દીધો. બોમ્બે પ્રોવિન્શિયલ કોંગ્રેસ કમિટીએ વડાલામાં દરોડો પાડ્યો ત્યારે એમાં ૧૧ સ્ત્રીઓ હતી. એમાં આગળ પડતા હતા જમુનાબહેન વાલજી, હરિબહેન પુરુષોતમ અને મહાલક્ષ્મી વેણીલાલ એમની ધરપકડ કરવામાં આવી અને વડાલાની ‘સોલ્ટ પ્રિવેન્શન ઓફિસ’ માં રાખવામા આવ્યાં.

પંડિત મદનમોહન માલવિયા, સરોજિની નાયડુ, કમલાદેવી,હંસા મહેતા, જયશ્રી રાયજી, મણિબહેન પટેલ વગેરેના નેતૃત્વ હેઠળ લોકોએ પોલીસનાં હુકમનો અનાદર કર્યો અને મુંબઈના કોટ વિસ્તારમાં કૂચ કરી વરસતા વરસાદમાં ત્યાં બેસી રહ્યાં અને સવારમાં ધરપકડ વહોરી.

રાષ્ટ્રીય સ્ત્રી સમાજના કો-ઓપ્ટેડ સભ્યો તરીકે લેવાયેલા હંસા મહેતા, જયશ્રી રાયજી અને લીલાવતી મુનશીએ ‘દેશ સેવિકા સંઘ’ ની સ્થાપના કરી. આ સંઘે મૂંબઈમાં પિકેટિંગ કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો. પિકેટિંગ એટલું અસરકાર રહ્યું કે સરકારે એને ગેરકાયદેસર જાહેર કર્યું. સમગ્ર શહેરમાં દારૂ અને પરદેશી માલસામાનની દુકાનોની બહાર સ્ત્રીઓ એમની તકલીથી કાંતતી દરેક ભારતીયને એ દુકાનોમાંથી ખરીદી ન કરવાની ચેતવણી આપતી.

ગાંધીજીએ દાંડી તરફ કૂચ કરી ત્યારે આખા રસ્તે બધી જગ્યાએ સ્ત્રીઓ એમનું અભિવાદન કરવા અને એમણે બોલતા સાંભળવા હાજર હતી. અમદાવાદથી દાંડી સુધીના આખા રસ્તે ગાંધીજીએ સ્ત્રીઓને પરદેશી સામાન અને દારૂ વેચતી દુકાનો પર પિકેટિંગ કરતી વખતે તાડીની માટલીઓ નહીં લઈ જવાની, ખાદી પહેરવાની અને રેંટિયો કાંતવાની આગ્રહભરી અપીલ કરી. હંસા મહેતા, જયશ્રીરાયજી, ગંગાબહેન પટેલ, બોસા બહેન કેપ્ટન, નરગિસ કેપ્ટન અને બીજા ઘણાએ હાજરી આપી. એમણે સ્ત્રીઓને ઘરની બહાર નીકળવા કહ્યું અને ભયમુક્ત રહેવા કહ્યું. ગુજરાતમાં જ્યાં સ્ત્રીઓની ભાગીદારી ઘણા મોટા પ્રમાણમાં હતી ત્યાં સ્ત્રી સત્યાગ્રહીઓને તાલીમ આપવા માટે સાબરમતી આશ્રમમાં ખાસ વર્ગો શરૂ કરવામાં આવ્યા. પરદેશી કાપડના બહિષ્કારને લોકપ્રિય કરવા માટે અમદાવાદમાં પરદેશી કાપડ બહિષ્કાર સમિતિની સ્થાપના થઈ. એમાં સરલાદેવી સારાભાઇ પ્રમુખ અને મુદુલા સારાભાઇ મંત્રી હતા. સમિતિ દ્વારા રોજ સરઘસ કાઢવામાં આવતા, જેમાં સ્વયંસેવકોનો બિલ્લો લગાવી, કેસરિયા રંગની સાડી પહેરી સ્ત્રીઓ જોડાતી. સ્વદેશીને લોકપ્રિય કરવાના તેમના કાર્યક્રમના ભાગરૂપે સભ્યો દ્વારા બીજી ચીજ વસ્તુઓ સાથે ભરેલી ખાદી પણ વેચાતી હતી. કસ્તુરબા, સરલાદેવી સારાભાઇ, ઇન્દુમતી શેઠ, મીઠુબહેન પીટીટ, નંદુબહેન કાનુગા અને ખુરશેદબહેન નવરોજ અમદાવાદનાં મહિલા નેતાઓ હતા. શારદાબહેન મહેતાને પ્રમુખ અને મુદુલા સારાભાઇ તથા ઇન્દુમતી શેઠને મંત્રીપદે નીમી પિકેટિંગ નામની સંસ્થા

બનાવવામાં આવી. બદરૂદીન તૈયબજીના સૌથી મોટી પુત્રી અમીના એમણે સ્ત્રી શિક્ષણ માટે કામ કર્યું હતું અને સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લીધો હતો.

## બ્રિટિશ સરકારની કામગીરી:

બ્રિટિશ લોકોની ઘોર દમનની સાથે સાથે સામુદાયિક અને વ્યકિત- ગત દંડ નાખી પ્રજાનો જુસ્સો અને ખમીર તોડવા અનેક તરકીબો થઈ હતી. બ્રિટિશ હિંદની માફક સામુદાયિક દંડમાંથી હરિજનો, મુસ્લિમો અને સરકારી નોકરોને બાદ રાખી રાજ્યની પ્રજાની જુદી જુદી કોમો વચ્ચે ભેદ અને તડાં પડાવવાની ચાલબાજી બ્રિટિશ તરફથી રમાઈ રહી હતી. મીઠાંના ઢગલા તેમજ દરિયા કિનારે બ્રિટિશ તરફથી પોલીસ રાખેલી હતી. મીઠાંનાં સત્યાગ્રહ સમયે પોલીસએ અને સૈનિકોએ સત્યાગ્રહમાં જોડાયેલા લોકોને મીઠું છોડી દેવા સમજાવ્યા પણ કોઈ માન્યું નહીં. તેથી ચારે બાજુથી પોલીસ આવી પહોંચી. તેણે સૈનિકોને ઘેરી લીધા ને તેમની પર તૂટી પડ્યા.કેટલાયનાં માથાં ફૂટ્યાં, લોહીની નીકો વહેવા લાગી. સ્ત્રીઓ ચિચિયારી કરી રહી હતી. 'એ રાક્ષસો, જરા તો દયા રાખો.' લોકોની આંખમાંથી અશ્રુધારા વહેવા લાગી. કેટલાયનાં માથાં ફૂટ્યાં, લોહીની નીકો વહેવા લાગી. પોલીસની લાઠીના પ્રહારથી કેટલાય મૃત્યુ પણ પામ્યા.કેટલાય લોકોને જેલમાં નાખવામાં આવ્યા. તેમના પર કેશ ચાલવામાં આવ્યો. મિલકત તેમજ દંડ પણ વસૂલ કરવામાં આવ્યો.

<u>સમાપન</u>:-

સ્વાતંત્ર્ય સંગ્રામ તરફ આકર્ષાયેલી સ્ત્રીઓ માટે ગાંધીજીએ ઉપયોગી વાતાવરણ ઊભું કર્યું હતું. એમના વ્યક્તિત્વ અને વિચારસરણી જ્ઞાતિ,ધર્મ,ભાષા અને જાતિની મર્યાદા ઓળંગી ગયા હતા.દરેકની સાથે વ્યક્તિગત સંવાદ કરવાની નોંધપાત્ર શક્તિ એમનામાં હતી. એમની લોક ચળવળમાં જેમણે ભાગ લીધો એ સ્ત્રીઓની પોતાની જાગૃતિ અને સભાનતા પર એમની ઊંડી અસર પડી હતી.દાંડીકૂચની સાથે ગાંધીજીએ રચનાત્મક કાર્યક્રમોનો પણ પ્રચાર કર્યો. વ્યસનમુક્તિ, હરિજનસેવા, સ્વાવલંબન, જાતમહેનત, સાદાઈ, બ્રહ્મચર્ય વગેરે અનેક મુદ્દાઓ પર તેઓ રસ્તામાં આવતા લોકસમુદાયને વાતો કરતા ગયા અને અંદરની સાચી આઝાદી માટે તેમને સક્રિય કરવા પણ મથતા હતા. તેમણે લોકોને આઝાદી માટેની સત્યાગ્રહ માટેની પાત્રતા કેળવવા ભારપૂર્વક અનુરોધ કર્યો.ગાંધીજી માટે આ દાંડીકકૂચ રાષ્ટ્રની માત્ર રાજકીય મુક્તિ માટે જ નહીં, આધ્યાત્મિક મુક્તિ માટે હતી. તેમને મન દાંડીયાત્રા એ ધર્મયાત્રા હતી અને એ રીતે ગાંધીજીએ દાંડીકૂચ દ્વારા રાષ્ટ્રધર્મ તેમ જ આત્મધર્મનો લક્ષ્યો સિદ્ધ કરવાનો પુરુષાર્થ કર્યો.ગાંધીજી આ દાંડીકૂચ દરમિયાન જે કઈ અનિચ્છનીય બાબતો બનતી હતી તેને ટકોરવાનું કામ પણ કરતા

હતા.એ રીતે આ દાંડીકૂચનો કાર્યક્રમ રાષ્ટ્રધર્મ અને સમાજધર્મની કેળવણીનો, શુદ્ધિવર્ધક તેમ જ શક્તિવર્ધક કાર્યક્રમ પણ હતો.આવા કાર્યક્રમ પાછળની ગાંધીજીની જે ભાવના ભૂમિકા હતી તે જો આપણે સમજીએ તો આજની પરિસ્થિતિમાં રાષ્ટ્રીય ભૂમિકાએ આપણું જે કર્તવ્ય છે તે અદા કરવામાં આપણને જરૂરી પ્રેરણા તથા માર્ગદર્શન મળી શકે.

**કી વર્ડ**:-

સત્યાગ્રહ, અધિવેશન, તવારીખ, સ્વતંત્રતા સંગ્રામ, સવિનય કાનૂનભંગ, લિંગભેદ, પિકેટિંગ

**સંદર્ભગ્રંથો**:-

૧. ડૉ. સોનલ ચૌધરી “પાટણ જિલ્લાના સ્વાતંત્ર્ય સેનાનીઓ” પ્રવિણ પ્રકાશન,૨૦૧૨

૨. રજની વ્યાસ “ગુજરાતની અસ્મિતા” અક્ષરા પ્રકાશન,અમદાવાદ,૨૦૦૪

3. https://cmogujarat.gov.in

૪. જાગૃતિ રામાનુજ, વી રામાનુજ “આપણું ગુજરાત પ્યારું ગુજરાત” નવભારત સાહિત્ય મંદિર,૨૦૧૭

૫. રામનારાયણ નાગરદાસ પાઠક, "ખેડાજિલ્લા સ્વાતંત્ર્ય સંગ્રામ" સરદાર વલ્લભભાઈ સેવા ટ્રસ્ટ, નડિયાદ,૧૯૭૯

૬. મહેશ એમ. ત્રવેદી,"સરદાર એને બાપુ" ૨૦૨૧

૭. ધીરુભાઈ એચ. પટેલ, "દાંડીકૂચ", ૨૦૦૪